GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

# મેઘાણી એટલે માનવતાનો સાદ

કોમલ શર્મા

રિસર્ચ સ્કૉલર
શેઠ દામોદરદાસ સ્કૂલ ઓફ કોમર્સ,
ગુજરાત યુનિવર્સિટી




*"લોકગીતોનો લાડીલો ને કાંઈ લોકહ્રદયમાં રમનારો,*
*મુડદાઓના મનમંદિરમાં, પ્રાણ ખરેખર પૂરનારો,*
*આપી એણે સાવ અનોખી, સોરઠમાંથી સરવાણી,*
*શાયર દુનિયામાં સાચો, મુગટ હતો એ મેઘાણી.."*

https://www.gapbhasha.org/

GRAND ACADEMIC PORTAL
RESEARCH JOURNALS

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

GRAND ACADEMIC PORTAL (GAP) 2017
ज्ञान: अध्ययन: परम्परा



'રાષ્ટ્રીય શાયર' અને **'સૌરાષ્ટ્રી સાહિત્યકાર'** તરીકે પોંખાયેલા **કવિ, નવલકથાકાર, વાર્તાકાર, લોકસાહિત્યના સંશોધક-સંપાદક, વિવેચક, અનુવાદક** ઝવેરચંદ મેઘાણી **માનવતાનો મરમી અને માણસુડા, હૈયાઉકલત ધરાવતા અને પરખંદા** સાહિત્યકાર હતા. કવિતા-નવલકથા આદિ સર્જનાત્મક સ્વરૂપોમાં એમણે નોંધપાત્ર અર્પણ કર્યું છે, પરંતુ એમનું વિશેષ મૂલ્યવાન અને યુગકાર્ય ગણાય એવું અર્પણ કંઠ્ય પરંપરા અને લોકસાહિત્યના સંશોધક-સંપાદક ક્ષેત્રે રહ્યું છે.



મેઘાણી એ પ્રચંડ ખેવના અને અનેરું કૌવત અંકે કરી સોરઠની તળભૂમિમાં, ગામડે-ગામડે ઘૂમી વળી ચારણો, બારોટો, ભરવાડો, ભરથરીઓ, ભજનિકો, રાવણહથ્થાવાળાઓ, દાદીમાઓની પાસે બેસીને ભાતીગળ લોકકથાઓ-લોકગીતોનો સમૃદ્ધ ખજાનો ઊઘાડી બતાડ્યો. **'ડોશીમાની વાતો'** (૧૯૨૩) લોકસાહિત્યના સંપાદનનું એમનું પહેલું પુસ્તક, એમને લોક સાહિત્ય જગતમાં પ્રતિષ્ઠા અપાવનાર **'સૌરાષ્ટ્રની રસધાર'**ના પાંચ ભાગ (૧૯૨૩, ૧૯૨૪, ૧૯૨૫, ૧૯૨૭, ૧૯૨૭ ) અને **'સોરઠી બહારવટિયા'ના'** ત્રણ ભાગ (૧૯૨૭, ૧૯૨૮, ૧૯૨૯) એ ગ્રંથોએ. **'સૌરાષ્ટ્રની રસધાર'**માં સોરઠી જનસમાજનાં વેર અને પ્રેમની, બંધુતા અને ધિક્કારની, દગા અને દિલાવરીની કોમળ, કરુણ અને ભીષણ લાગણીઓવાળી વાર્તાઓનું સંપાદન છે.



મેઘાણીએ લોકકથાઓને રસાળ બનાવવા, કથારસમાં સઘનતા આણવા તથા પાત્રોના મનોભાવોને સંવેદ્યતાથી રજૂ કરવા યથા સ્થાને દુહાઓનો વિનિયોગ કર્યો છે. આ દુહાઓમાં અદભુત, કરુણ, શૃંગાર, શાંત, રૌદ્ર આદિ વિધવિધ રસની સૃષ્ટિ સભર બની છે. દુહાઓમાં માધુર્ય –મૃસણતા અને બરછટતા – બંને છે. **'માણસાઈના દીવા'** (૧૯૪૫)માં લોકસેવક રવિશંકર મહારાજને મોઢે સાંભળેલી ચરોતરની ચોર-લૂંટારુ ગણાતી બારૈયા-પાટણવાડિયા કોમનાં માણસોમાં રહેલી માણસાઈને પ્રગટ કરવાની નેમ છે. **'રઢિયાળી રાત'- ભા. ૧ થી ૪** (૧૯૨૫, ૧૯૨૬, ૧૯૨૭, ૧૯૪૨), **'ચૂંદડી'-ભા. ૧-૨** (૧૯૨૮, ૧૯૨૯), **'હાલરડાં'** (૧૯૨૮), **'ઋતુગીતો'** (૧૯૨૯) **'સોરઠી સંતવાણી'** (૧૯૪૭) અને **'સોરઠિયા દુહા'** (૧૯૪૭) જેવા લોકગીતોના સંપદાનને જન્મ આપ્યો, આમાં દાંપત્યજીવન, રમકડાં, હાલરડાં, કાનગોપી, વિનોદગીતો, રસગીતો, નવરાત્રિનાં જોડકણાં, સંસારચિત્રો, ઋતુગીતો, કજોડાનાં ગીતો, દિયરભોજાઈનાં ગીતો, ઈશ્કમસ્તીનાં ગીતો, મુસલમાની રાસડા સંચિત થયાં છે. **'ધરતીનું ધાવણ'- ભા. ૧,૨** (૧૯૩૯, ૧૯૪૪)માં મેઘાણીએ પોતે સંપાદિત કરેલા લોકસાહિત્યના ગ્રંથોમાં મૂકેલા પ્રવેશકો, અન્ય સંપાદકોના ગ્રંથોની પ્રસ્તાવનાઓને વ્યાખ્યાનો સમાવી લેવાયાં છે.

https://www.gapbhasha.org/

મેઘાણીએ લોકસહિત્યના સિક્કા માત્ર વટાવી જાણ્યું નહી, પણ સંસોધક વિવેચક તરીકે પરિસ્કૃત દ્રષ્ટિથી ઘસી- ઘસીને એ સિક્કાને ઉજળો  પણ બનવ્યો. લોકસાહિત્યના સંશોધન-સંપાદનનું કાર્ય એમણે ખૂબ નિષ્ઠાપૂર્વક કર્યું છે. **મેઘાણી જેવા મહાન સર્જક શબ્દો કાયમ માટે જીવંત રહેશે.**

https://www.gapbhasha.org/